ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૭૩/૨૦–૨૧/ 761 તારીખ : 03 MAR 2021

**આર.પી.એ.ડી.**

કેસ નં.૭૩/૨૦–૨૧

પ્રતિ,
**મે.સેંકટસ ટેરા માઈનીંગ પ્રા.લી.,**
૧૩૫, સહકાર કોલોની,
સેકટર–૨૫,
**ગાંધીનગર.**

**મો.નં.**

**વિષય : ડિપોઝીટ ના નાણાં પરત આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૯/૧૨/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૩૧/૧૨/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૩/૨૦–૨૧/૧૮ તા.૦૪/૦૧/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૩/૨૦–૨૧/૨૦૯ તા.૧૬/૦૧/૨૦૨૧.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૩/૨૦–૨૧/૫૦૦ તા.૦૮/૦૨/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૮/૦૨/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **થાનગઢ.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૭૩/૨૦–૨૧** ☜

વાદી :– **મે.સેંકટસ ટેરા માઈનીંગ પ્રાઈવેટ લીમીટેડ**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૮/૦૨/૨૦૨૧** ◈

હાજર રહયા :– **શ્રી રાકેશકુમાર ચંદ્રકાંતભાઈ રાવળ – (વાદી ના પ્રતિનિધિ)**

પ્રતિવાદી :– **શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

**મે.સેંકટસ ટેરા માઈનીંગ પ્રાઈવેટ લીમીટેડ**, મું. ગાંધીનગર ની ડિપોઝીટ ના નાણાં પરત આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : **૭૩/૨૦–૨૧** થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૩/૨૦–૨૧/૧૮ તા.૦૪/૦૧/૨૦૨૧ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૮/૦૨/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી મે.સેંકટસ ટેરા માઈનીગ પ્રાઈવેટ લીમીટેડ વતી તેમના પ્રતિનિધિ શ્રી રાકેશકુમા ચંદ્રકાંતભાઈ રાવળ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ મે.સેંકટસ ટેરા માઈનીગ પ્રાઈવેટ લીમીટેડ,કંપની ગાંધીનગર આવેલ છે. તેઓ દ્વારા થાન પેટા વિભાગીય કચેરી ખાતે ૭૫ કિ.વો.નું શ્રી સેંકટસ ટેરા માઈનીગ પ્રાઈવેટ લીમીટેડ નામનું ઔધોગીક વિજ કનેકશન મેળવવા માટે તા. ૯/૮/૨૦૧૬ ના અરજી કરેલ હતી.

૧.૨ સદર વિજ કનેકશન મેળવવા માટે પેટા વિભાગીય કચેરી, થાન દ્વારા આપવામાં આવેલ અંદાજપત્ર તા.૨૮/૯/૨૦૧૬ ના રોજ રૂા.૩,૦૨,૧૬૪/– વાદીએ ભરપાઈ કરેલ હતા.(જેમાં લાઈન ચાર્જ પેટે રૂા.૮૧૫૦૦/–, સીકયુરીટી ડિપોઝીટ પેટે રૂા.૨૦૦૫૬૪/–, અને એગ્રીમેન્ટ પેટે રૂા.૧૦૦/– ભરેલ હતા.)

૧.૩ વાદીએ સદર વિજ કનેકશન આપવા માટે વારંવાર લેખિતમાં રજૂઆત કરવામાં આવેલ હતી. આમ છતાં, ચાર વર્ષ પછી પણ વિજ કનેકશન આપવામાં આવેલ નથી, તેમજ અમારું કનેક્શન અન્યને ફાળવીને અમોને અન્યાય કરેલ છે.

૧.૪ સદર વિજ કનેકશન નહી મળવાથી, ભરવામાં આવેલ ડિપોઝીટ ના નાણાં વિજ કચેરી પાસે પરત માંગેલ હતા. જે ડિપોઝીટ ની રકમ તા.૨૯/૧૨/૨૦૨૦ સુધી પરત આપવામાં આવેલ નથી. જે રકમ પરત આપવા માટે વાદીએ રજૂઆત કરેલ છે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ- તેમની રજુઆત છે કે,</u>

૨.૧ વાદી દ્વારા શ્રી સેંકટસ ટેરા માઈનીંગ પ્રાઈવેટ લીમીટેડ નામના ઔધોગીક વિજ કનેકશન માટે તા.૯/૮/૨૦૧૬ ના રોજ થાન પેટા વિભાગીય કચેરી ખાતે અરજી કરેલ હતી. જેના અનુસંધાનમાં વાદીને પેટા વિભાગીય કચેરી, થાન દ્વારા રૂા.૩૦૨૧૬૪/- નું અંદાજપત્રક તા.૩૧/૮/૨૦૧૬ ના રોજ આપવામાં આવેલ હતું.

૨.૨ સદર વિજ કનેકશન માટે ના નાણાં રૂા.૩૦૨૧૬૪/- વાદી દ્વારા તા.૨૮/૦૯/૨૦૧૬ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ હતા પણ ટેસ્ટ રીપોર્ટ નહી આપેલ હોવાથી, પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૫/૯/૨૦૧૮ અનકનેકટેડ (U) તરીકે રીલીઝ કરવામાં આવેલ હતું. (ગ્રાહક નં-૨૭૭૪૯/૦૦૪૦૧/૭)

૨.૩ સદર વિજ કનેકશન નો નોટીસ સમયગાળો બે વર્ષ નો પૂર્ણ થતાં, પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૧૬/૯/૨૦૨૦ ના રોજ LT Billing System માં કાયમી ધોરણે પીડીસી કરેલ હતું.

૨.૪ સદર બાબતે વાદીએ પેટા વિભાગીય કચેરી ખાતે તા.૭/૯/૨૦૨૦ ના રોજ ફરીયાદમાં જણાવેલ છે કે, આ વિજ કનેકશન આપવા માટે સ્થળ પર કોઈપણ જાતની કાર્યવાહી કરેલ નથી.જેથી તેઓને નાણાંકીય નુકશાન થયેલ છે. તેમજ ભરેલ ડિપોઝીટ ની રકમ પરત આપવા માટે પણ અરજીમાં જણાવેલ છે.

૨.૫ વાદી દ્વારા કરેલ અરજી ના અનુસંધાને થાન પેટા વિભાગીય કચેરી દ્વારા અંદાજપત્ર ની ભરેલ ડિપોઝીટ ની રકમ પરત આપવા માટેની દરખાસ્ત તાા.૧૧/૯/૨૦૨૦ ના રોજ મોકલેલ હતી. જેમાં, પૂરતા દસ્તાવેજી પુરાવા નહી હોવાથી, માંગવામાં આવેલ હતા.જેથી થાન પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર દ્વારા સ્થળ પર જઈ તા.૧૬/૯/૨૦૨૦ ના રોજ રોજકામ કરવામાં આવેલ છે જે મુજબ સ્થળ પર કોઈ પણ પ્રકારનું કામકાજ કરવામાં આવેલ નથી.જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૬ વાદીનું લેઝર તપાસતાં, વિજ કનેકશન U માં હોવાથી મીનીમમ ચાર્જ ની કુલ રકમ રૂા.૧૪૫૦૨૨/- વસુલવા પાત્ર થાય છે. જેની ગણતરી કરેલ શીટ આ સાથે સામેલ છે.

૨.૭ વાદીએ કુલ ભરેલ રકમ રૂા.૩૦૨૧૬૪/- માંથી લેઝરમાં બાકી નીકળતી રકમ રૂા.૧૪૫૦૨૨/- બાદ કરતા વાદીને કુલ રૂા.૧૫૭૧૪૨/- ચૂકવવા પાત્ર થાય છે. જે મુજબની રકમ રૂા.૧૫૭૧૪૨/- નો ચેક વાદીને કેશ વાઉચર નંબર-૬૦૫૩૭ તા.૨૬/૧૧/૨૦૨૦ ના રોજ ચેક નં-૧૫૨૬૯૦ થી તૈયાર કરવામાં આવેલ હતો. જે ચેક તા.૩/૧૨/૨૦૨૦ ના રોજ પોસ્ટ થી વાદીના ગાંધીનગર ના સરનામા ઉપર મોકલેલ હતો. જયાં સ્થળ પર કોઈ હાજર ના હોવાથી મોકલવામાં આવેલ કવર પરત આવેલ છે.

P.G.V.C.L. Bhavnagar. Grievance Redressal Forum

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર સેંકટસ ટેરા માઈનીંગ પ્રાઈવેટ લીમીટેડ એ થાન પેટા વિભાગીય કચેરી માં ૭૫ કિ.વો. નું ઔદ્યોગીક વિજ જોડાણ લેવા માટે તા.૮/૨/૨૦૧૬ ના રોજ અરજી નોંધણી કરાવી જરૂરી રજીસ્ટ્રેશન ચાર્જ ભરેલ.

૩.૨ પ્રતિવાદીની થાન પેટા વિભાગીય કચેરીએ વાદીને પત્ર નં–૫૪૭૧ તા.૩૧/૮/૨૦૧૬ ના રોજ નવા ઔદ્યોગીક વિજ જોડાણ માટેનું અંદાજપત્ર મોકલેલ. જે વાદીએ તા.૨૦/૯/૨૦૧૬ ના રોજ ભરપાઈ કરી આપેલ.

૩.૩ પ્રતિવાદીએ વાદીને મોકલેલ અંદાજપત્ર ની વિગત મુજબ ૩૫૦ મીટર એચ.ટી.લાઈન અને ૧૦૦ કેવીએ નું ટ્રાન્સફોર્મર હતું. તેમજ અંદાજપત્ર ની વિગત મુજબ એગ્રીમેન્ટ ચાર્જ રૂા.૧૦૦/– + ફીકસ ચાર્જ રૂા.૮૧,૫૦૦/– + સીકયુરીટી ડિપોઝીટ રૂા.૨,૨૦,૫૬૪/– એમ કુલ રૂા.૩,૦૨,૧૬૪/– ભરપાઈ કરવાના હતા જે વાદીએ તા.૨૮/૯/૨૦૧૬ ના રોજ ભરપાઈ કરી આપેલ.

૩.૪ વાદી દ્વારા અંદાજપત્ર ભર્યા બાદ પ્રતિવાદીએ વાદીના વિજ જોડાણ માટેની લાઈન અંગેની કોઈપણ કામગીરી કરેલ નહી તેમજ વાદી અને પ્રતિવાદી વચ્ચે ૭૫ કિ.વો ના ઔદ્યોગીક વિજ જોડાણ માટેનું જરૂરી કરારનામું કરવામાં આવેલ નહી તેમજ પ્રતિવાદી દ્વારા વાદીને નવા વિજ જોડાણ લેવા માટેનું ૨ મંથ નોટીસ (TMN) આપવામાં આવેલ નહી. પ્રતિવાદીએ નવા વિજ જોડાણ મેળવવા માટે કોઈ ટેસ્ટ રીપોર્ટ આપેલ નહી.

૩.૫ પ્રતિવાદી દ્વારા વાદીના નવા વિજ જોડાણ માટેની લાઈન ની કોઈપણ પ્રકારની કામગીરી કરવામાં આવેલ નહી તેમજ વાદીનું વિજ જોડાણ ચાલુ કરવામાં આવેલ નહી.

૩.૬ પ્રતિવાદીએ તપાસ દરમિયાન ફોરમને રજૂ કરેલ પત્ર નં–૫૩૩૯ તા.૧૦/૧૦/૨૦૧૭ જે સેંકટસ ટેરા માઈનીંગ પ્રાઈવેટ લીમીટેડ ના નામે મોકલવામાં આવેલ છે. જેમાં પ્રતિવાદીએ વાદી પાસે માંગેલ દસ્તાવેજ મુજબ (૧)એગ્રીમેન્ટ (૨) ટેસ્ટ રીપોર્ટ (૩) પાવર ઓફ એટર્ની છે.

પ્રતિવાદીએ વાદીને પત્ર નં–૭૦૪૦ તા.૧૬/૮/૨૦૧૮ ના રોજ પત્ર લખેલ જે પત્ર દ્વારા પ્રતિવાદીએ વાદીને ટેસ્ટ રીપોર્ટ આપવા તેમજ એગ્રીમેન્ટ કરી જવા બાબતે જણાવેલ. તેમજ આ પત્રમાં પ્રતિવાદીએ લખેલ કે દિવસ–૭ માં એગ્રીમેન્ટ કરાવી જવું તેમજ ટેસ્ટ રીપોર્ટ રજૂ કરવો. જો તેમ નહી કરવામાં આવે તો, તેઓના કનેકશન માટેની SR No.8215110 ''કેન્સલ બાય યુઝર'' કરી રદ બાતલ કરવામાં આવશે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૩.૭ વાદીએ તેની તા.૨૯/૧૨/૨૦૨૦ ના રોજ ફોરમને કરેલ રજૂઆતમાં જણાવેલ છે કે, તેઓએ પ્રતિવાદીને વારંવાર તેના વિજ જોડાણ ચાલુ કરી આપવા રજૂઆત કરેલ તેમ છતાં, ચાર વર્ષ નો સમય પસાર થઈ ગયા બાદ પણ વિજ જોડાણ આપવામાં આવેલ નથી. તેથી અમોએ ભરેલ રકમ પરત કરવી.

૩.૮ ઉપર મુજબના અવલોકનો પરથી એવું તારણ કાઢવામાં આવે છે કે, વાદીએ માંગેલ વિજ જોડાણ માટેની પ્રતિવાદીએ લાઈન કામ અંગેની કોઈપણ કાર્યવાહી કરેલ નથી.વાદી અને પ્રતિવાદી વચ્ચે જરૂરી કરારનામું થયેલ નથી અને પ્રતિવાદીએ વાદીને ટેસ્ટ રીપોર્ટ રજૂ કરવા માટે ૨ મંથ નોટીસ આપેલ નથી. તેમ છતાં, પ્રતિવાદીએ સપ્ટે–૨૦૧૮ થી ઓગષ્ટ–૨૦૨૦ એટલે કે, ૨વર્ષ સુધી વાદીએ માંગેલ ૭૫ કિ.વો.ના ઔધોગીક વિજ જોડાણ નું ટેરીફ મુજબ માસીક મીનીમમ બિલ બનાવેલ અને દર માસે વાદીના એકાઉન્ટ માં રૂા.૬૯૮૦/– ડેબીટ કરેલ અને ઓગષ્ટ–૨૦૨૦ ના અંતે વાદીના ખાતામાં રૂા.૧,૪૫,૦૨૨/૦૯ ની રકમ વાદી પાસેથી લેણી નીકળતી દર્શાવેલ છે.

૩.૯ તારણ નં–૩.૭ અને ૩.૮ પરથી તારણ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ વાદીનું વિજ જોડાણ માટેનું મીનીમમ બિલ (સપ્ટે–૨૦૧૮ થી ઓગષ્ટ–૨૦૨૦) ની રકમ રૂા.૧,૪૫,૦૨૨/૦૯ ની ખોટી આકારણી કરેલ છે. જે વસુલવાને પાત્ર રહેતા નથી. તેમજ વાદીએ ભરેલ અંદાજપત્ર ની રકમ રૂા.૩,૦૨,૧૬૪/– પ્રતિવાદીએ વાદીને રીફંડ કરવા પાત્ર છે.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે, " પ્રતિવાદીએ વાદીના ૭૫ કિ.વો.ના વિજ જોડાણ સામે આકારેલ મીનીમમ બિલ ની રકમ રૂા.૧,૪૫,૦૦૨/૦૯ રદ કરવી તેમજ વાદીને તેણે ભરેલ અંદાજ પત્ર ની રકમ રૂા.૩,૦૨,૧૬૪/– દિવસ–૩૦ માં રીફંડ કરવી. "**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી.એલ.આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

તારીખ :– **૧૮/૦૨/૨૦૨૧.**